ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના-૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધી ગંદકી ઢાંકવા લગાવેલાં બોર્ડ બે દિવસમાં જ ધરાશાયી

ડભોઈમાં PMના આગમન પહેલાં જ તંત્રની લીંપાપોતીની પોલ ખુલી!

તંત્રની કામગીરી અને બોર્ડની ગુણવત્તા સામે સવાલો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.27

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૧ ઓક્ટોબરે એકતાનગરની મુલાકાતે આવવાના છે, ત્યારે ડભોઈમાં સ્વચ્છતાના નામે કરવામાં આવેલી કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ડભોઈના શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધી ગંદકી ઢાંકવા માટે લગાવવામાં આવેલાં સ્વચ્છતાનાં બોર્ડ માત્ર બે દિવસમાં જ જમીનદોસ્ત થઈ ગયાં છે.

વડાપ્રધાનના આગમનને ધ્યાનમાં રાખીને માર્ગની આસપાસની ગંદકી દૂર કરવાને બદલે બોર્ડ લગાવી દેખાડો કરવામાં આવ્યો હોવાની ચર્ચા નગરજનોમાં થઈ રહી છે. જોકે, આ બોર્ડ બે દિવસમાં જ પડી જતાં તેની ગુણવત્તા અને તેને લગાવવાની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે.

મહત્વની વાત એ છે કે વડાપ્રધાનનો કાફલો આ માર્ગ પરથી પસાર થાય તે પહેલાં જ બોર્ડ ધરાશાયી થઈ ગયાં છે. આ ઘટનાને પગલે તંત્રની કામગીરી અને સ્વચ્છતા જાળવવા માટે કરવામાં આવેલા આયોજન સામે સવાલો ઊઠી રહ્યા છે.

એક તરફ સ્વચ્છતાનાં અભિયાનો ચલાવવામાં આવે છે, ત્યારે બીજી તરફ જાહેર માર્ગો પર ગંદકીનો કાયમી ઉકેલ લાવવાને બદલે દેખાવ પૂરતી કામગીરી થતી હોવાની ફરિયાદો છે. નગરજનોની માંગ છે કે તંત્ર બોર્ડબાજી છોડીને શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધીના માર્ગની નિયમિત સફાઈ કરાવે અને ગંદકીનો કાયમી નિકાલ કરે, જેથી સ્વચ્છતા માત્ર વડાપ્રધાનના આગમન પૂરતી નહીં, પરંતુ કાયમી જળવાઈ રહે.

૪ હજાર હેક્ટરથી વધુ વિસ્તાર પ્રભાવિત થવાની શક્યતા, ખેડૂતોમાં નારાજગી

નસવાડીના ૫ થી વધુ ગામો સહાયથી વંચિત

ઓછા વરસાદથી મકાઈ, તુવેર અને કપાસના પાકને નુકસાનની ભીતિ

(પ્રતિનિધિ) નસવાડી, તા.27

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં પાંચથી વધુ ગામોમાં ઓછા વરસાદને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. રાજ્ય સરકાર દ્વારા ઓછો વરસાદ પડ્યો હોય તેવા વિસ્તારોના ખેડૂતો માટે સહાયની જાહેરાતો કરવામાં આવી છે, પરંતુ નસવાડીના ડુંગર વિસ્તારનાં ગામોની પસંદગી નહીં થતાં ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.

આ વર્ષે ચોમાસાની શરૂઆત સારી રહેતાં ખેડૂતોએ મકાઈ, તુવેર અને કપાસનું વાવેતર કર્યું હતું. જોકે, છેલ્લા એક મહિનાથી વરસાદ ખેંચાતાં પાકના છોડ સુકાવા લાગ્યા છે. પરિણામે ૪ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં પાકને નુકસાન થવાની શક્યતા છે.

નસવાડીનો મોટાભાગનો વિસ્તાર ડુંગરાળ હોવાથી ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે. નર્મદા નદી નજીક હોવા છતાં આ વિસ્તારનાં ગામોમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ નથી અને નર્મદા કેનાલનું પાણી પણ પહોંચ્યું નથી.

કુપ્પા, પીપળવાળી, ડબ્બા, ખેંદા, છોટીઉમર અને સાંકડીબારી સહિતનાં ગામોના ખેડૂતોને પાક નિષ્ફળ જવાની ચિંતા સતાવી રહી છે. ખેડૂતોએ ખેતીવાડી વિભાગ પાસે ખેતરોનો સ્થળ સર્વે કરી નુકસાનનો અહેવાલ સરકારને રજૂ કરવા, આર્થિક સહાય આપવા અને સિંચાઈની સુવિધા ઊભી કરવાની માંગ કરી છે.

નર્મદા નદી નજીક હોવા છતાં ૯૦ જેટલાં ગામો સિંચાઈના પાણીથી વંચિત

નર્મદા મૈયા આ ગામોની નજીકથી પસાર થાય છે, પરંતુ આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈના પાણી માટે કોઈ સુવિધા નથી. ૯૦ જેટલાં ગામો સિંચાઈના પાણીથી વંચિત છે. ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર હોવા છતાં નર્મદાના સિંચાઈના પાણી મળી શકે તે માટે અત્યાર સુધી સરકારે કોઈ પ્રોજેક્ટ મંજૂર કર્યો નથી. કેવળ માનવીય વિકાસની વાતો કરવામાં આવે છે, પરંતુ અહીંની વાસ્તવિકતા અલગ જ છે.

વાઘોડિયામાં શરદ પૂનમે 'હર ઘર સ્વદેશી' મેળો અને ગરબા મહોત્સવ યોજાયો

નાના વેપારીઓ અને મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે પ્રોત્સાહન મળશે

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 27

વાઘોડિયા નગરપાલિકા દ્વારા સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ અને મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે પ્રોત્સાહન પૂરું પાડવાના ઉદ્દેશ સાથે ઇન્દ્રપુરી ગરબા ગ્રાઉન્ડ ખાતે 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ' અંતર્ગત સ્વદેશી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શરદપૂર્ણિમાના પાવન અવસર નિમિત્તે મેળાની સાથે સાથે ગરબા મહોત્સવનું પણ આયોજન કરાયું હતું.

કાર્યક્રમનું વિધિવત્ રિબિન કાપીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મેળામાં સ્થાનિક ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ અર્થે ૩૦થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

ઉદ્ઘાટન પ્રસંગે નગરપાલિકા પ્રમુખ બ્રિજેશ ગોસ્વામી, ઉપ-પ્રમુખ સંદીપ કોરિયા, ચીફ ઓફિસર નિકુંજ ઠક્કર, ભાજપ નગર પ્રમુખ જય જોશી, રમેશભાઈ વસાવા, કુણાલ મહેતા, સંદીપ જાદવ સહિત પાલિકાના નગરસેવકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ તેમજ ગુજરાત શહેરી આજીવિકા મિશનના ઉપક્રમે યોજાયેલા આ મેળાનો મુખ્ય હેતુ નાના ઉત્પાદકોને બજાર પૂરું પાડવાનો અને આત્મનિર્ભરતા વધારવાનો છે.

પાદરાના ટોચીયાપુરામાં જુગાર રમતા ચાર ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.27

પાદરાના ટોચીયાપુરા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં પત્તાં વડે જુગાર રમતા ચાર ઇસમોને પાદરા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે રોકડ સહિત કુલ રૂ. 12,330નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની વિગતો અનુસાર, જાકીર યુસુફભાઈ મરચિયા (ઉં.વ. 40), ઇરફાનખાન સમીરખાન પઠાણ (ઉં.વ. 44), સદ્દામહુસેન ઐયુબભાઈ મેમણ (ઉં.વ. 36) અને રાજેશભાઈ છોટાભાઈ પરમાર (ઉં.વ. 57) જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી પત્તાંનાં 52 પાનાં, એક લાલરૂમાલ, દાવ પરની રૂ. 5,170 અને ચારેયની અંગઝડતીમાંથી રૂ. 7,160 મળી કુલ રૂ. 12,330 કબજે કર્યા હતા. આ મામલે પાદરા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રસ્તા પર ઊડતી ધૂળથી બાઈક ચાલકો સહિત વાહનચાલકો પરેશાન હતા

જેતપુરપાવી થી રંગલી ચોકડી સુધીના રોડની કામગીરી પૂર્ણ થવાના આરે, વાહનચાલકોને મળશે રાહત

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.27

જેતપુરપાવી થી રંગલી ચોકડી તરફ જતાં મુખ્ય માર્ગ પર ચાલી રહેલી રોડની કામગીરી હવે પૂર્ણ થવાના આરે છે. છેલ્લા ઘણા સમયથી આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને રસ્તાની કામગીરી અને માર્ગ પર ઊડતી ધૂળને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.

ખાસ કરીને બાઈક ચાલકોને રસ્તા પર ઊડતી ધૂળના કારણે વાહન ચલાવવામાં મુશ્કેલી પડતી હતી, ધૂળના કારણે વાહન ચાલકોને અવરજવર દરમિયાન પરેશાની થતી હતી, ત્યારે હવે રોડની કામગીરી પૂર્ણ થવાના આરે હોવાથી વાહનચાલકોને રાહત મળવાની આશા જાગી છે.

જેતપુરપાવી થી રંગલી ચોકડી તરફ જતો આ મુખ્ય માર્ગ સ્થાનિક લોકો અને વાહનચાલકો માટે અવરજવરનો મહત્વનો માર્ગ છે. રોડની કામગીરી પૂર્ણ થયા બાદ વાહનવ્યવહાર વધુ સરળ બનશે અને લાંબા સમયથી ધૂળની સમસ્યાનો સામનો કરી રહેલા લોકોને રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે વાહનચાલકોને આશા છે કે રોડની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય અને આ માર્ગ પરથી પસાર થતી વખતે ધૂળની સમસ્યામાંથી મુક્તિ મળે.

બોડેલી-ડભોઈ રોડ પર બામરોલી પાસે રેતી ભરેલું ડમ્પર અચાનક પલટી ગયું

અકસ્માતની જાણ પોલીસ ને થતાં તાત્કાલિક પોલીસ દોડી આવી



(પ્રતિનિધિ) બોડેલી, તા. 27

બોડેલી ડભોઈ રોડ પર બામરોલી ગામ નજીક રેતી ભરેલું ડમ્પર અચાનક પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. ડમ્પર પલટી ખાઈ જતાં તેમાં ભરેલી રેતી રોડ પર ઢોળાઈ ગઈ હતી, જેના પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, બામરોલી ગામ નજીક રેતી ભરેલું ડમ્પર પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક પલટી મારી ગયું હતું. અકસ્માતમાં ડમ્પરના ચાલકને નાની મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, અકસ્માત બાદ ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. ઘટનાની જાણ બોડેલી પોલીસને કરવામાં આવતાં પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

મુખ્ય માર્ગ પર ડમ્પર પલટી જતા લોકટોળા એકત્રિત થયા હતા અકસ્માત કયા કારણોસર સર્જાયો તે અંગે પોલીસ તપાસ બાદ વધુ વિગતો સામે આવશે.

મહિલા સરપંચના પતિના વહીવટ સામે અગાઉ ઉઠ્યા હતા સવાલો

સાવલીની લાંછનપુરા ગ્રામપંચાયત ફરી વિવાદના ભંવરમાં, ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે તપાસની માંગ

RTIમાં માહિતી ન મળતા ગ્રામજનોમાં રોષ, TDO કચેરીએ અરજદારો ખાલી હાથે પરત ફર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

સાવલી તાલુકાની લાંછનપુરા ગ્રામપંચાયત એક અથવા બીજા કારણોસર સતત વિવાદોના ઘેરામાં આવી રહી છે. પંચાયતમાં કાયદેસરના સત્તાધીશોને બદલે વહીવટી પ્રક્રિયામાં અનધિકૃત દખલગીરી અને ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે હવે આ મામલો વધુ ગરમાયો છે. વિકાસકામોમાં પારદર્શિતાના અભાવ અને ભ્રષ્ટાચારની આશંકાએ ગ્રામજનો હવે આરપારની લડાઈના મૂડમાં છે.

અગાઉ લાંછનપુરા ગ્રામપંચાયતમાં મહિલા સરપંચ હોવા છતાં તેમના પતિ દ્વારા પંચાયતનો વહીવટ ચલાવવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો થયા હતા. પંચાયતના નિયમો વિરુદ્ધ ચાલતી આ સત્તાવાર સમાંતર વ્યવસ્થા સામે ગ્રામજનોમાં શરૂઆતથી જ ભારે અસંતોષ પ્રવર્તતો હતો. આ મામલે અગાઉ પણ સરપંચ અને તલાટી કમ મંત્રી સામે કથિત ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે સ્થાનિકોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત આવેદનપત્ર આપીને ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી હતી.

પંચાયતમાં મનરેગા યોજના સહિતના વિવિધ વિકાસકામોના હિસાબો અને કાર્યોની સાચી વિગતો બહાર લાવવા માટે જાગૃત ગ્રામજનો દ્વારા રાઇટ ટુ ઇન્ફર્મેશન હેઠળ માહિતી માંગવામાં આવી હતી. જો કે, નિયત સમયમર્યાદામાં પંચાયત તરફથી કોઈ સંતોષકારક જવાબ કે માહિતી આપવામાં ન આવતા આ મામલો જિલ્લા કક્ષા સુધી પહોંચ્યો હતો અને અપીલ કરવામાં આવી હતી.

સુરાશામળની સીમમાં જુગારધામ પર LCBના દરોડા, પાંચ ઝડપાયા

રૂ. 78,650ની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) શિનોર, તા. 27

શિનોર તાલુકાના સુરાશામળ ગામની સીમમાં વડોદરા ગ્રામ્ય LCB પોલીસે જુગારધામ પર દરોડો પાડી પત્તાં-પાનાંનો હારજીતનો જુગાર રમતા પાંચ ઇસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી અંગઝડતી અને જુગારના દાવ પરની રોકડ મળી કુલ રૂ. 78,650નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મળતી માહિતી મુજબ, વડોદરા ગ્રામ્ય LCB પોલીસને બાતમી મળી હતી કે સુરાશામળ ગામની સીમમાં તલાવડી પાસે આવેલા આંબાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો પત્તાં-પાનાંનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે LCB પોલીસે સ્થળ પર દરોડો પાડતા જુગાર રમતા પાંચ ઇસમો ઝડપાયા હતા.

પોલીસે આરોપીઓની અંગઝડતી દરમિયાન રૂ. 62,500ની રોકડ રકમ મળી આવી હતી, જ્યારે જુગારના દાવ પરથી રૂ. 16,150 કબજે કરવામાં આવ્યા હતા. આમ, પોલીસે કુલ રૂ. 78,650ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મામલે પોલીસે જુગારધારા કલમ 12 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર કેસની વધુ તપાસ ચાંદોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

બોડેલીથી કવાંટ જતા માર્ગ પર વૃક્ષોનો જમાવડો; તંત્રની કામગીરી સામે ઉઠ્યા સવાલો

કલારાણી મુખ્ય માર્ગ પર નડતરરૂપ વૃક્ષો ક્યારે હટશે? અકસ્માતની ભીતિથી વાહનચાલકો ચિંતિત



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.27

બોડેલી થી કવાંટ તરફ જતા મુખ્ય માર્ગ પર કલારાણી ગામ પાસે રસ્તા પર નડતરરૂપ વૃક્ષો જોવા મળી રહ્યાં છે. આ માર્ગ કવાંટ, જેતપુરપાવી અને બોડેલી તાલુકાને જોડતો મુખ્ય માર્ગ હોવાથી અહીં વાહનોની સતત અવરજવર રહે છે, ત્યારે માર્ગ પર નડતરરૂપ વૃક્ષોને કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

મુખ્ય માર્ગ પર વૃક્ષો નડતરરૂપ બનતાં વાહનચાલકોની અવરજવરમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે, ખાસ કરીને રાત્રિના સમયે અથવા સામેથી વાહન આવતું હોય ત્યારે આવી સ્થિતિ જોખમી સાબિત થઈ શકે છે.

તંત્ર ક્યારે જાગશે? માર્ગ પર નડતરરૂપ વૃક્ષો હોવા છતાં તેને દૂર કરવા માટે સંબંધિત તંત્ર દ્વારા ક્યારે કાર્યવાહી કરવામાં આવશે તેવો સવાલ ઊઠી રહ્યો છે. કોઈ અકસ્માત સર્જાય તે પહેલાં જ જવાબદાર વિભાગ દ્વારા સ્થળની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી વાહનચાલકો અને સ્થાનિક લોકોની અપેક્ષા છે.

હવે જોવાનું એ રહ્યું કે સંબંધિત તંત્ર આ સમસ્યાને ગંભીરતાથી લઈને નડતરરૂપ વૃક્ષો દૂર કરવા માટે ક્યારે પગલાં ભરે છે.

વાઘોડિયામાં આજે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

૮ કંપનીઓમાં ૨૬૦થી વધુ જગ્યાઓ માટે ભરતી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની રોજગાર અને તાલીમ નિયામક કચેરી, મદદનીશ રોજગાર નિયામક કચેરી, વડોદરા તથા સરકારી આઈ.ટી.આઈ. વાઘોડિયાના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૨૮ ઓક્ટોબરે સવારે ૧૦:૩૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ. વાઘોડિયા, કમલાપુરા રોડ, એસ્સાર પેટ્રોલ પંપ સામે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે.

મેળામાં આઠ જેટલી કંપનીઓ દ્વારા જુનિયર એન્જિનિયર, મશીન ઓપરેટર, મેન્ટેનન્સ ઓપરેટર, કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ, ટ્રેઇની અને એપ્રેન્ટિસ સહિતની ૨૬૦થી વધુ જગ્યાઓ માટે ઇન્ટરવ્યૂ લઈ પસંદગી કરવામાં આવશે.

૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ., મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ અને કેમિકલ ડિપ્લોમા તથા સ્નાતક લાયકાત ધરાવતા ૧૮થી ૩૫ વર્ષના મહિલા-પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે.

ઉમેદવારોને વિદેશમાં રોજગાર, સરકારી રોજગાર યોજનાઓ, ઇન્ટર્નશિપ, લશ્કરી ભરતી પૂર્વેની તાલીમ, સ્વરોજગાર અને સ્ટાર્ટઅપ લોન અંગે માર્ગદર્શન અપાશે. અનુબંધમ અને એનસીએસ પોર્ટલ પર નોંધણી માટે કેમ્પ પણ યોજાશે. ઉમેદવારોએ પાંચ બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે. ભરતી માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

પાદરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સભા ૨૮મીએ

(પ્રતિનિધિ) પાદરા, તા.27

પાદરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮ ઓક્ટોબર, બુધવારે સવારે ૯:૩૦ કલાકે બેઠક મંદિર પાસે આવેલા દિનેશ હોલ ખાતે યોજાશે. સભામાં પ્રાર્થના, દિવંગતોને શ્રદ્ધાંજલિ, મહેમાનોનું સન્માન, ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર સભ્યોનું સન્માન, વાર્ષિક હિસાબોની મંજૂરી અને આજીવન સભ્ય ફી અંગે ચર્ચા સહિતના કાર્યક્રમો યોજાશે. સભામાં મંડળના પ્રમુખ ચંદુભાઈ પઢિયાર, મંત્રી ચીમનભાઈ પટેલ, ઉપપ્રમુખો, જિલ્લા અને રાજ્ય પ્રતિનિધિઓ, ખજાનચી સહિત કારોબારી સભ્યો તથા નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. મંડળ દ્વારા તમામ સભ્યોને વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કરજણ આઈ.ટી.આઈ. ખાતે "બેટી બચાવો, બેટી પઢાવો" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

ભારત સરકારની "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત કરજણ આઈ.ટી.આઈ. ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન તથા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વડોદરાના સહયોગથી યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન DHEWના કર્મચારીઓ દ્વારા સમાજમાં મહિલાઓ અને દીકરીઓના સર્વાંગી વિકાસ, મહિલા સશક્તિકરણ, લિંગ સમાનતા તથા મહિલાઓના અધિકારો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સરકારશ્રી દ્વારા અમલી વિવિધ મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાઓ, તેના હેતુઓ, પાત્રતા, યોજનાઓ હેઠળ મળતા લાભો અને અરજી કરવાની પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, સમાજમાં દીકરીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવા, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા, સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતાની ભાવના વિકસાવવા તથા લિંગ આધારિત ભેદભાવ દૂર કરવા અંગે સમજણ કેળવવામાં આવી હતી.

આ જાગૃતિ કાર્યક્રમમાં દીકરીઓના અધિકારો અને શિક્ષણ પ્રત્યે જાગૃતતા વધારવા તેમજ મહિલાઓને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમ દ્વારા મહિલા સશક્તિકરણ અને લિંગ સમાનતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પાદરાના વાઘેશ્વરી માતાજી મંદિરે શરદપૂર્ણિમા ગરબાની રમઝટ

(પ્રતિનિધિ) પાદરા, તા.27

પાદરા શહેરના ઝંડા બજારમાં આવેલા વર્ષો જૂના શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરે શરદપૂર્ણિમા નિમિત્તે શ્રીમાળી સોની સમાજ દ્વારા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો, યુવાનો અને નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મોડી રાત સુધી ગરબાની રમઝટ સાથે ભક્તિમય માહોલ છવાયો હતો. મહોત્સવના અંતે માતાજીની મહાઆરતી ઉતારવામાં આવી હતી. તાજેતરમાં જીર્ણોદ્ધાર કરાયેલા અને ભવ્ય શિખર ધરાવતા આ મંદિરે વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક ઉત્સવો યોજાય છે. ગરબા મહોત્સવમાં મંદિરના ટ્રસ્ટી મંડળ અને સમાજના યુવા સંગઠને સક્રિય ભૂમિકા ભજવી હતી. મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિથી ઝંડા બજાર વિસ્તારમાં ઉત્સવમય વાતાવરણ સર્જાયું હતું.

મોધલા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ સામે પાંચ સભ્યોની અવિશ્વાસની દરખાસ્ત

(પ્રતિનિધિ) નસવાડી, તા. 27

નસવાડી તાલુકાની મોધલા જૂથ ગ્રામ પંચાયતમાં સરપંચ સામે પાંચ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરતાં સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આશરે ૧,૩૦૦ની વસ્તી ધરાવતી આ ગ્રામ પંચાયતમાં કુલ આઠ સભ્યો ચૂંટાયેલા છે, સરપંચ તરીકે ગીતાબેન મુકેશભાઈ તડવી ચૂંટાયાં હતાં.

મળતી માહિતી મુજબ, સરપંચે ચાર્જ સંભાળ્યા બાદ એક વર્ષથી વધુ સમયથી ગ્રામ પંચાયતના હિસાબો, નિયમિત બેઠકો અને વિકાસનાં કામોમાં સભ્યોને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી રીતે વહીવટ કરતા હોવાનો આક્ષેપ સભ્યોએ કર્યો છે. આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં ધ્યાન આપવામાં આવતું ન હોવાનો પણ સભ્યોનો આક્ષેપ છે.

આથી ગ્રામ પંચાયતના આઠ સભ્યોમાંથી પાંચ સભ્યોએ સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પર સહી કરી તલાટીને સોંપી હતી. દરખાસ્ત રજૂ કરતી વખતે પાંચેય સભ્યો હાજર રહ્યા હતા. આ ઘટનાને પગલે મોધલા જૂથ ગ્રામ પંચાયતમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. હવે આ દરખાસ્ત અંગે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.